1. 'નાનકડી ફરહાન ચાલતાં ચાલતાં ખડખડાટ હસી પડયો, એ જોઇને બાકીનાં સૌ પણ હસવા લાગ્યાં.' આ વાક્યમાં ક્રિયાવિશેષણ કયું છે ?

(A) ચાલતાં-ચાલતાં
(B) પણ
(C) ખડખડાટ
(D) હસી પડયાં - હસવા લાગ્યાં

2. નીચેનામાંથી કયો ક્રમ કક્કાવારી મુજબ યોગ્ય છે ?

(A) સંયમ, સુંદર, સમય, સુવાચ્ય, સૂરજ
(B) સમય, સુવાચ્ય, સૂરજ, સંયમ, સુંદર
(C) સમય, સંયમ, સૂરજ, સુંદર, સુવાચ્ય
(D) સમય, સંયમ, સુવાચ્ય, સુંદર, સૂરજ

3. નીચેનામાંથી કયો નિયમ આર્કીમિડીઝએ આપ્યો છે ?

(A) આઘાત અને પ્રત્યાઘાત સરખા અને વિરૂદ્ધ દિશામાં હોય છે.
(B) કોઈપણ પદાર્થને પ્રવાહીમાં ડુબાડવામાં આવે ત્યારે તેના કદ જેટલું પ્રવાહીનું સ્થળાંતર કરે છે.
(C) $E = mc^2$
(D) વનસ્પતિના પર્ણ સૂર્યપ્રકાશની હાજરીમાં હરીતકણોની મદદથી કાર્બન ડાયોકસાઈડ લઈ ખોરાક બનાવે છે અને ઓકસિજન છૂટો પાડે છે.

4. સંયોજનમાં સમાવિષ્ટ દરેક તત્ત્વ

(A) પોતાનો ગુણધર્મ જાળવી રાખે છે.
(B) પોતાનો ગુણધર્મ છોડી નવો ગુણધર્મ ધારણ કરે છે.
(C) તેનું પ્રમાણ નિશ્ચિત હોતું નથી.
(D) કોઈપણ પ્રકારની પ્રક્રિયા વગર છૂટું પાડી શકાય છે.

5. 'સમીર'નો સમાનાર્થી શબ્દ નથી.

(A) હવા
(B) પવન
(C) વાયરો
(D) વાવાજોડું

6. સૂર્ય પર થતા ધડાકા આપણે સાંભળી શકતા નથી કારણકે....

(A) સૂર્ય પર ધડાકા ધીમેથી થાય છે.
(B) પૃથ્વી પર વાતાવરણ છે.
(C) પૃથ્વી પર ખૂબ જ ઘોંઘાટ હોય છે.
(D) સૂર્ય અને પૃથ્વી વચ્ચે શૂન્યાવકાશ છે.

7. 1. દીર્ઘાયુ બેઠો 2. રાજા સૂતો. 3. રાજકુમારી રડી. આ ત્રણેય વાક્યમાં વપરોલ બેઠો, સૂતો, રડી – ને કઇ રીતે ઓળખાવશો ?

(A) સકર્મક ક્રિયાપદ
(B) અકર્મક ક્રિયાપદ
(C) કર્તાવિશેષ ક્રિયાપદ
(D) અકર્તા ક્રિયાપદ

8. "સાહજિક રીતે ખચકાયા વિના બોલે છે" કથન A નો ક્ષમતાક્રમાંક જણાવો.

(A) 1.5.1.
(B) 2.5.1.
(C) 2.5.2.
(D) 1.5.2.

9. ભાષાકીય રીતે સાચું વાક્ય પસંદ કરો

(A) વિદ્યાર્થીઓને મહેણાંટોણાં મારી શકાશે નહિ
(B) વિદ્યાર્થીઓને આર્શીવાદ આપવા શિક્ષકે પાછીપાની કરવી જોઇએ નહિં.
(C) શિક્ષકે ભાષાશિક્ષણમાં રસનિષ્પન્ન કરાવી શકવું જોઇએ
(D) સારી દ્રષ્ટિ વાળા શિક્ષકો વિદ્યાર્થી અને પરિક્ષાર્થી વચ્ચેનો ભેદ પારખે છે.

10. Which is not appropriate for the word 'Isolate'

(A) Separate
(B) Segregate
(C) Group
(D) Detach

11. કેટલા રે કેટલા રમતનો ઉપયોગ શું શીખવવા કરશો ?

(A) સંખ્યાજ્ઞાન 21 થી 50
(B) વિવિધ સંખ્યાજૂથ
(C) ક્રમિક સંખ્યાઓ
(D) ઊંચાઇ-ઊંડાઇ ની સંકલ્પના

12. નળાકારની વક્રસપાટીનું ક્ષેત્રફળ શોધવાનું સૂત્ર જણાવો.

(A) $\pi r^2 h$
(B) $2\pi (h + r)$
(C) $\pi r (2h + r)$
(D) $2\pi rh$

13. 11 વર્ષનો વિજય મૂક-બધિર છે. એના વાલી એને તમારી શાળામાં દાખલ કરવા આવે છે. તમે શું કરશો ?

(A) મૂક-બધિર માટે ખાસ બનાવાયેલી શાળામાં વિજયને ભણવા મોકલવા એના વાલીને સમજાવીશ

(B) અંધ, મૂક-બધિર અને માનસિક વિકલાંગ બાળકો માટેની સંયુક્ત શાળામાં વિજયને ભણાવવા માટે એના વાલીને સમજાવીશ

(C) મારી શાળામાં જ વિજયને દાખલ કરવા અને બીજાં બાળકોની સાથે ભણાવવા એના વાલીને સમજાવીશ

(D) શરૂઆતથી જ વ્યાવસાયિક શિક્ષણ આપતી શાળામાં વિજયને ભણાવવા એના વાલીને સમજાવીશ

14. ધોરણ 1 થી 5 ની એક પ્રાથમિક શાળામાં શાળામાં સીમાબેન અને સૌમિલભાઈ શિક્ષક તરીકે કામ કરે છે. શાળામાં ધોરણ 1 થી 5 ની સંખ્યા અનુક્રમે 19, 20, 12, 20 અને 9 છે. શાળામાં કુલ 80 બાળકો પૈકી 40 કુમાર અને 40 કન્યા છે. તો તેમણે કઈ રીતે વર્ગવિભાજન કરવું જોઈએ ?

(A) ધોરણ 1-2 અને ધોરણ 3-4-5 એમ બે ભાગ પાડવા જોઈએ

(B) ધોરણ 1,3,5 અને ધોરણ 2-4 એમ બે ભાગ પાડવા જોઈએ

(C) ધોરણ 1 થી 5 ના કુમાર અને ધોરણ 1 થી 5 ની કન્યાઓ - એમ બે ભાગ પાડવા જોઈએ

(D) દર્શાવેલ તમામ પૈકી એક પણ નહીં

15. I like mangoes, my friend Fiona likes them ......

(A) too (B) into (C) to (D) twice

16. આ શિક્ષક ખૂબ જ સ્પષ્ટ વાત કરે છે. તેમની દરેક વાત ...... હોય છે.

(A) સંદિગ્ધ (B) ગોળ-ગોળ (C) અસંદિગ્ધ (D) વિદ્વત્તાપૂર્ણ

17. 'સેવવું' શબ્દનો અર્થ પાઠમાં 'રાખી મૂકવું' થયેલ હોય ત્યારે 'સેવવું = (અહી) રાખી મૂકવું' શું ગણાય ?

(A) શબ્દાર્થ (B) ટિપ્પણ (C) રૂઢિપ્રયોગ (D) મૂળ અર્થ

18. માઉન્ટ બેટન પછી ભારતના છેલ્લા ગવર્નર જનરલ કોણ હતા ?

(A) ચક્રવર્તી રાજગોપાલાચારી (B) ડૉ. રાધાકૃષ્ણન

(C) ડૉ. રાજેન્દ્રપ્રસાદ (D) જવાહરલાલ નહેરુ

19. 'ચૌરી ચોરા' સ્થળ સાથે નીચેના પૈકી કયું વિધાન સુસંગત છે ?

(A) જલિયાંવાલા બાગના હત્યાકાંડના વિરોધમાં આંદોલન

(B) અસહકારના આંદોલને હિંસક રૂપ ધારણ કર્યું

(C) અસહકારના અહિંસક આંદોલનની અસરકારક શરૂઆત

(D) ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટીની સ્થાપના થઈ

20. નીચેની કાવ્યપંક્તિ કયા છંદની છે ?

ત્યાં તો આવી પહોંચ્યો એ અશ્વ સાથે યુવાન ત્યાં,
કૃષિક એ ઊઠી ત્યારે 'આવો બાપુ' કહી ઊભો.

(A) મંદાક્રાન્તા (B) શાર્દૂલવિક્રીડિત (C) પૃથ્વી (D) અનુષ્ટુપ

21. અભ્યાસક્રમ રચનાનાં મહત્વનાં ચાર ધ્યેયો પૈકી નીચેનામાંથી કયું સાચું નથી ?

(A) સાંસ્કૃતિક ધ્યેય (B) શારીરિક વિકાસનું ધ્યેય

(C) માનસિક ઘડતરનું ધ્યેય (D) ઉપયોગિતાનું ધ્યેય

22. ચલણી નોટો બનાવવાનો કાગળ ક્યાં બને છે ?

(A) નેપાનગર-મધ્યપ્રદેશ (B) ઔરંગાબાદ (C) ભિલાઈ-મધ્યપ્રદેશ (D) ભદ્રાવતી

23. ધોરણ -1 ના વર્ગખંડમાં વાર્તા કહીને શિક્ષકે નીચેના પૈકી શું કરવું જોઈએ ?

(A) વાર્તાનો બોધ કહેવો જોઈએ

(B) વાર્તામાં આવતાં પાત્રોનાં નામ પૂછવાં જોઈએ

(C) બાળકોને વાર્તામાં આવતાં સ્થળોનાં નામ પૂછવાં જોઈએ

(D) અહીં દર્શાવેલ ત્રણમાંથી એક પણ નહીં

24. 7 મીટર અને 5 મીટર માપવાળા ઓરડાના ભોંયતળિયામાં લાદી બેસાડવા 50 સે.મી. લંબાઈવાળી કેટલી ચોરસ લાદી જોઈએ ?

(A) 35 (B) 70 (C) 350 (D) 140

25. પ્રખ્યાત નવલકથા સરસ્વતીચંદ્ર કુલ કેટલા ભાગમાં લખાઈ છે ?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

26. શિક્ષક આવૃત્તિમાં "ગંદી ઉંદરડી"ની વાર્તા કયા એકમ માટે મૂકવામાં આવી છે ?

(A) અજબ જેવી વાત છે (B) ચોખ્ખાઈ કરે ભલાઈ (C) નદી કિનારે (D) અમે સૌ

27. કોઈ એક બિંદુથી સમાન અંતરે આવેલા બિંદુઓને જોડતાં બનતી આકૃતિ કઈ હશે ?

(A) ચોરસ (B) ચતુષ્કોણ (C) વર્તુળ (D) ત્રિકોણ

28. Identify the assertive sentence.

(A) How colourful the flowers are! (B) The flowers are very colourful.

(C) Are the flowers colourful ? (D) Do the flowers colourful ?

29. સાચી પંક્તિ કઈ ?

(A) કામીની કોકિલા કેલી કૂજન કરે (B) કામિની કોકિલા કેલી કૂજન કરે

(C) કામિની કોકિલા કેલી કુંજન કરે (D) કામીની કોકિલા કેલી કૂજન કરે

30. મૂત્રાશયનું મુખ્યકાર્ય.... છે.

(A) શુક્રકોષ તૈયાર કરવાનું (B) મૂત્ર તૈયાર કરવાનું (C) લોહી શુધ્ધ કરવાનું (D) મૂત્ર એકત્ર કરવાનું

31. This matter should be .................. us.

(A) between (B) among (C) beside (D) behind

32. My Life is my .......................

(A) message (B) mesage (C) meseg (D) messge

33. નીચેના ગુજરાતના યાત્રાધામોને પૂર્વથી પશ્ચિમ દિશા તરફ ક્રમશઃ ગોઠવો.

(1) નડાબેટ (નડેશ્વરી) (2) અંબાજી

(3) પાવાગઢ (4) માતાનો મઢ

(A) 2 - 3 - 4 - 1 (B) 3 - 2 - 1 - 4

(C) 4 - 2 - 1 - 3 (D) 1 - 4 - 2 - 3

34. ખાંડણિયામાં માથાં ને ધીમો કેમ રામ ? આ ઉક્તિ કેવા મનોભાવ પ્રગટ કરનારી છે ?

(A) સુખી થવાની તાલાવેલીમાં માણસ ભગવાન પાસે ઝડપી સુખ માગે

(B) માણસને દુઃખ વધી જવાથી એ ભગવાન પાસે મૃત્યુ માગે

(C) માણસથી આટલું બધું સુખ ન જીરવાતું હોઇ તે ભગવાન પાસે ધીમું દુઃખ માગે

(D) ઉપર પૈકી એક પણ નહીં

35. ચર્ચા-સંવાદ માટે નીચેના પૈકી કયો સાચો શબ્દ છે ?

(A) dailog (B) dailogue (C) dialogue (D) dialoge

36. 'આકડે મધ' શબ્દ પ્રયોગ નીચેના પૈકી કઇ સ્થિતિમાં કરવામાં આવે છે ?

(A) કાર્ય સરળ હોય ત્યારે (B) કાર્ય કઠિન હોય ત્યારે

(C) કાર્ય પરિચિત હોય ત્યારે (D) કાર્ય અપરિચિત હોય ત્યારે

37. કાચો-પોચો માણસ હોય તો એની છાતીનાં પાટિયાં જ બેસી જાય. વાક્યમાં કાચો-પોચો શબ્દોને કેવી રીતે ઓળખીશું ?

(A) સમાનાર્થી શબ્દો (B) વિરુધ્ધાર્થી શબ્દો (C) દ્વિરુક્ત શબ્દ (D) પુનરુક્ત શબ્દ

38. ગાંધીજીએ દાંડીકૂચનો પ્રારંભ ક્યારે અને કેટલા સત્યાગ્રહીઓ સાથે કર્યો હતો ?

(A) 12 મી માર્ચ, 1930 અને 78 સત્યાગ્રહીઓ (B) 12 મી માર્ચ, 1928 અને 80 સત્યાગ્રહીઓ

(C) 28 મી માર્ચ, 1930 અને 80 સત્યાગ્રહીઓ (D) 30 મી એપ્રિલ, 1930 અને 72 સત્યાગ્રહીઓ

39. The cyclone caused ................................ damage to the city.

(A) extend (B) extended (C) extension (D) extensive

40. આરટીઇ 2009 અંતર્ગત પ્રાથમિક શાળાના સંચાલનમાં મદદરૂપ બનવા કઇ સમિતિની રચના કરવામાં આવે છે ?

(A) ગ્રામ શિક્ષણ સમિતિ (વીઇસી) (B) શાળા વ્યવસ્થાપન સમિતિ

(C) શાળા શિક્ષણ સમિતિ (D) વાલી શિક્ષક મંડળ

41. નીચેના પૈકીનો કયો અક્ષર સમૂહ અરીસા સામે ધરતાં યથાવત જળવાશે ?

(A) BDPYKDB (B) PULKMUP (C) AOVIVOA (D) RANTDAR

42. 1 મીટર પહોળાઈવાળા 2 મીટર કાપડમાંથી 625 ચો.સે.મી. ક્ષેત્રફળ ધરાવતાં કેટલા ચોરસ રૂમાલ બને ?

(A) 16 (B) 32 (C) 25 (D) 10

43. એક પતરાની લંબાઇ અને પહોળાઇ અનુક્રમે 88 સેમી અને 50 સેમી છે. આ પતરામાંથી 14 સેમી ત્રિજ્યા અને 5 સેમી ઉંચાઇના કેટલા ખુલ્લા નળાકાર બનાવી શકાય ?

(A) ખુલ્લા નળાકાર ન બનાવી શકાય (B) 44 નળાકાર બનાવી શકાય

(C) 4.4 નળાકાર બનાવી શકાય (D) 10 નળાકાર બનાવી શકાય

44. શબ્દકોષનો સાચો ક્રમ કયો ?

(A) સંકેત, સંક્રામક, સંક્રાંતિ, સંખ્યા, સંક્ષિપ્ત, (B) સંકેત, સંક્ષિપ્ત, સંક્રામક, સંખ્યા, સંક્રાંતિ

(C) સંકેત, સંક્રાંતિ, સંક્રામક, સંક્ષિપ્ત, સંખ્યા (D) સંકેત, સંક્રામક, સંક્રાંતિ, સંક્ષિપ્ત, સંખ્યા

45. પાંચ આંકડાની સૌથી મોટી સંખ્યામાંથી પાંચ આંકડાની સૌથી નાની સંખ્યા બાદ કરવાથી કઈ સંખ્યા આવે ?

(A) 89999 (B) 99999 (C) 90000 (D) 88888

46. કોઈપણ ચેક ઓર્ડર ચેક ક્યારે બને ?

(A) ચેકમાં નામના સ્થાને સેલ્ફ લખ્યુ હોય ત્યારે

(B) ચેકમાં નામના સ્થાને નામ લખ્યું હોય અને 'ઓર બેરર' શબ્દ પર લીટી કરી હોય ત્યારે

(C) ચેકની ડાબી બાજુના ખૂણે સમાંતર લીટી દોરી 'એકાઉન્ટ પેઈ' લખ્યું હોય ત્યારે.

(D) અહીં દર્શાવેલ ત્રણમાંથી એકપણ નહીં.

47. ધોરણ-3 ના અંતે બાળક ગુજરાતીમાં કેટલા શબ્દોનું અર્થગ્રહણ કરી શકે ?

(A) 3500 શબ્દો (B) 3000 શબ્દો (C) 2500 શબ્દો (D) 2000 શબ્દો

48. Find odd one...

(A) garment (B) sugar (C) cotton (D) shirt

49. 'It's a matter of couple of days.' What do underlined words indicate ?

(A) થોડાક દિવસ (B) ખૂબ દિવસ

(C) સમાનતા ધરાવતા દિવસ (D) એકબીજા પર આધારિત દિવસ

50. ભારતીય સ્વતંત્રતા સંદર્ભે 1942 માં આવેલા ક્રિપ્સ મિશન સાથે નીચેનામાંથી કઈ બાબત ખોટી છે ?

(A) ક્રિપ્સ મિશનની ભલામણોમાં હિંદને સ્વાયત્તતા ક્યારે આપવામાં આવશે તેનો ઉલ્લેખ હતો

(B) ક્રિપ્સ મિશનની ભલામણોમાં નવા હિંદી સંઘની રચના કરવાની બાબત સમાવિષ્ટ હતી

(C) ક્રિપ્સ મિશનની ભલામણોમાં હિંદને વહેલું સ્વશાસન આપવાની બાબત સમાવિષ્ટ હતી

(D) અલગ પાકિસ્તાનની વાતને આ ભલામણો પોષતી હતી

51. રેખા અને તેની બહારના આપેલા બિંદુમાંથી કેટલા સમતલ પસાર થાય ?

(A) શૂન્ય (B) ત્રણ (C) એક ને માત્ર એક (D) અસંખ્ય

52. વિકાસના તબક્કાઓનો યોગ્ય ક્રમ કયો છે ?

(A) ગર્ભાવસ્થા, શૈશવ, કિશોરાવસ્થા, તરુણાવસ્થા, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા, વૃધ્ધાવસ્થા

(B) ગર્ભાવસ્થા, કિશોરાવસ્થા,શૈશવ, તરુણાવસ્થા, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા, વૃધ્ધાવસ્થા

(C) ગર્ભાવસ્થા, શૈશવ, કિશોરાવસ્થા, તરુણાવસ્થા, યુવાવસ્થા, વૃધ્ધાવસ્થા, પ્રૌઢાવસ્થા

(D) ગર્ભાવસ્થા, શૈશવ, કિશોરાવસ્થા, યુવાવસ્થા, તરુણાવસ્થા, , પ્રૌઢાવસ્થા, વૃધ્ધાવસ્થા

53. નીચેનામાંથી કયું લક્ષણ કિશોરાવસ્થાને સૌથી વધુ લાગુ પડે છે ?

(A) પોતાના દેખાવ પ્રત્યે વધુ સભાનતા આવે છે. (B) સંકૂલ ચેષ્ટાકીય પ્રવૃત્તિઓ શીખે છે.

(C) બૌધ્ધિક વિકાસ સાથે જાતિગત ભૂમિકા શીખે છે. (D) સંઘવૃત્તિ જોવા મળે છે.

54. રામપુર શહેરમાં ત્રણ શાળાઓ આવેલી છે. ધોરણ 10 ની પરીક્ષામાં આ શહેરની શાળા નંબર 1, 2 અને 3 માંથી અનુક્રમે 100, 300 અને 600 બાળકો બેઠાં. શાળા નંબર 1, 2 અને 3 નું પરિણામ અનુક્રમે 90%, 80% અને 70% આવ્યું છે. તો આખા રામપુર શહેરનું સરેરાશ પરિણામ કેટલું ગણાય ?

(A) 75% (B) 77%

(C) 80% (D) આપેલ માહિતી પરથી શોધી ન શકાય

55. દેર શબ્દનો અર્થ શું થાય ?

(A) મોડું થવું (B) હેવર (C) દિયર (D) ખૂબ જ મોડું થવું

56. જેના પર ધ્યાન કેન્દ્રિત થતાં પ્રતિકિયા જન્માવે તેવા બાહ્ય કે આંતરિક પરિબળ માટે મનોવિજ્ઞાનમાં કયો પારિભાષિક શબ્દ વપરાય છે ?

(A) ઉદ્દીપક (B) ધ્યાનાભ્યાસ (C) વ્યુત્ક્રમિત બળ (D) પ્રતિધ્યાન

57. Naman usually ...................... cricket in evening.

(A) is play (B) played (C) plays (D) play

58. I have come here just ....... minutes ago.

(A) some (B) many (C) a few (D) much

59. પૂર્ણાંકો અને બહુપદી અંગે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) પૂર્ણાંકોના સરવાળા માટેના ગુણધર્મો બહુપદીના સરવાળા માટે સાચા છે પણ ગુણાકાર માટે સાચા નથી

(B) પૂર્ણાંકોના ગુણાકાર માટેના ગુણધર્મો બહુપદીના ગુણાકાર માટે સાચા છે પણ સરવાળા માટે સાચા નથી

(C) પૂર્ણાંકોના સરવાળા અને ગુણાકાર માટેના બધા જ ગુણધર્મો બહુપદીઓના સરવાળા અને ગુણાકાર માટે સાચા છે.

(D) દર્શાવેલ તમામ પૈકી એક પણ નહીં

60. 'સ્કાઉટ' શબ્દનું ગુજરાતી શું થાય ?

(A) બાળસૈનિક (B) સેવક (C) સ્વયંસેવક (D) બાલચર

61. કાચનો વક્રીભવનાંક 1.5 છે. જો પ્રકાશનો હવામાં વેગ 3,00,000 કિ.મી./ સેકન્ડ વેગ હોય તો પ્રકાશનો કાચમાં વેગ કેટલો હશે ?

(A) 2,00,000 કિ.મી./ સેકન્ડ (B) 3,00,000 કિ.મી./ સેકન્ડ

(C) 15,00,000 કિ.મી./ સેકન્ડ (D) 1,50,000 કિ.મી./ સેકન્ડ

62. સ્વચ્છ પાણીમાં પડછાયો દેખાયો. આ વાક્ય કયું વિશેષણ છે ?

(A) વ્યક્તિ વાચક (B) ગુણ વાચક (C) જાતિ વાચક (D) સમૂહ વાચક

63. "A brown fox quickly jumps over the lazy dog" આ વાક્યમાં કયો મૂળાક્ષર નથી ?

(A) C (B) E (C) Z (D) બધા જ છે.

64. ધોરણ-5 માં ભણતો રમેશ જાતીય વૃત્તિ અનુભવે છે, અને એના લીધે ક્યારેક વિચિત્ર વર્તન કરે છે. શિક્ષક તરીકે તમે શું કરશો ?

(A) રમેશનાં મા-બાપ/વાલીને જાણ કરીશ

(B) રમેશને સમજાવીશ કે આટલી નાની ઉંમરમાં આવી લાગણી ન થવી જોઇએ

(C) રમેશની લાગણીઓ અંગે બીજાં બાળકોને જાણ કરીશ જેથી બીજાં બાળકો એની સાથે સલામત અંતર રાખી વર્તે

(D) રમેશને કોઇ કલાપ્રવૃત્તિ અથવા રમતગમત તરફ વાળવા પ્રયત્ન કરીશ

65. શિક્ષક વર્ગમાં શાંતિ રાખો એવું કહે - એ કયા પ્રકારનું પ્રત્યાયન છે ?

(A) ઉર્ધ્વગામી પ્રત્યાયન (B) આંતરિક વૈયક્તિક પ્રત્યાયન

(C) અધોગામી પ્રત્યાયન (D) દ્વિમાર્ગી પ્રત્યાયન

66. LL.B. નું પુરૂં નામ

(A) Bachelor of Laws (B) Bachelor of Local Law

(C) Bachelor of Legislative Law (D) Bachelor of Law's Language

67. ધોરણ-7 ના અભ્યાસ પછી એક વિદ્યાર્થી કેટલા શબ્દો શ્રવણ દ્વારા અને કેટલા શબ્દો વાચન દ્વારા જાણે અને સમજે ?

(A) 4500 શબ્દો શ્રવણ દ્વારા 2500 શબ્દો વાચન દ્વારા (B) 4500 શબ્દો વાચન દ્વારા 2500 શબ્દો શ્રવણ દ્વારા

(C) 2000 શબ્દો શ્રવણ દ્વારા 4000 શબ્દો વાચન દ્વારા (D) 2000 શબ્દો વાચન દ્વારા 4000 શબ્દો શ્રવણ દ્વારા

68. વિદ્યાર્થીઓના મૂલ્યાંકન અંગે અદ્યતન સંકલ્પના કઇ છે ?

(A) સતત અને વર્ષાંત મૂલ્યાંકન

(B) સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન

(C) એકમ કસોટી અને વાર્ષિક મૂલ્યાંકન

(D) એકમ કસોટી, વાર્ષિક મૂલ્યાંકન અને સહ-અભ્યાસ પ્રવૃત્તિનું મૂલ્યાંકન

69. which senten is correct ?

(A) How long have you been joined this company ?

(B) When have you joined this company ?

(C) How long are you joined this company ?

(D) When you do join this company ?

70. ભારતની સર્વોચ્ચ સંસ્થા સંસદમાં કેટલા ગૃહ હોય છે ? નીચલા ગૃહમાં સભ્ય સંખ્યાં કેટલી હોય છે ?

(A) સંસદમાં બે ગૃહ હોય છે અને નીચલા ગૃહમાં 545 સભ્યો હોય છે.

(B) સંસદમાં બે ગૃહ હોય છે અને નીચલા ગૃહમાં 242 સભ્યો હોય છે.

(C) સંસદમાં ત્રણ ગૃહ હોય છે અને નીચલા ગૃહમાં 515 સભ્યો હોય છે.

(D) સંસદમાં ત્રણ ગૃહ હોય છે અને નીચલા ગૃહમાં 242 સભ્યો હોય છે.

71. ચાર સંખ્યાઓનો સરવાળો 96 છે. તે પૈકી બે સંખ્યાઓ 16 અને 32 છે. બીજી બે સંખ્યાઓ બે ક્રમિક એકી સંખ્યા છે. તો તે સંખ્યાઓ કઈ હશે ?

(A) 21 અને 27 (B) 23 અને 25 (C) 22 અને 66 (D) ત્રણમાંથી એકેય નહિ

72. BISAG - સ્ટુડીયો, ગાંધીનગરમાં નામકાનમાં વપરાયેલ 'G' નું પૂરૂં નામ શું છે ?

(A) Gandhinagar (B) Gujarat (C) Geography (D) Geo-informatics

73. The showroom ........................ by now.

(A) open (B) will open (C) will be open (D) will have opened

74. પ્રાથમિક શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા વધારવા માટે નીચેના પૈકી કયું માળખું રચાયેલ છે ?

(A) GCERT - DIET - BRC - CRC - શાળા (B) DIET - BRC - શાળા

(C) NCERT - CRC - શાળા (D) GIET - DIET - CRC - શાળા

75. Choose the past participle of ' to go'

(A) going (B) went (C) gone (D) goed

76. એક રકમનું 10% લેખે પ્રથમ વર્ષનું વ્યાજ 450 છે. તે જ રકમનું બીજા વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ ................. રૂપિયા થાય.

(A) 45 (B) 445 (C) 495 (D) 95

77. રૈખિક જોડ અને પૂરક કોણ વિશે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) રૈખિક જોડ એ પૂરક કોણની જોડ કહેવાય, પરંતુ દરેક પૂરકકોણની જોડ રૈખિક જોડ ન હોય

(B) પૂરક કોણની જોડ રૈખિક જોડ કહેવાય પરંતુ દરેક રૈખિક જોડ પૂરકકોણની જોડ ન કહેવાય

(C) રૈખિક જોડના બંને ખૂણા હંમેશાં સરખા હોય, પણ પૂરક કોણની જોડમાં હંમેશાં એવું ન હોય

(D) પૂરકકોણની જોડમાં બંને ખૂણા હંમેશાં સરખા હોય, પણ રૈખિક જોડમાં હંમેશાં એવું ન હોય

78. Dictation is one of the important exercises in the language classroom. Here 'dictation' means...

(A) Students speak and teacher listens (B) Teacher speaks and students listen

(C) Students speak and teacher writes (D) Teachers speaks and students write

79. I am writing the letter because I ......... to do so.

(A) have been asked (B) am asking (C) was asking (D) had asked

80. 'કૂંડું કથરોટને અને કથરોટ કૂંડાને જોઈ હસે' મહાવરો ક્યારે વપરાય ?

(A) બે સમોવડિયા બાહોશ એકમેકની મશ્કરી કરે ત્યારે

(B) મા પોતાના બાળકને અને બાળક માતાની સામે જોઈ સહજ સ્મિત કરે ત્યારે

(C) બે સરખા દોષિત પરસ્પરનો વાંક કાઢે ત્યારે

(D) બે બહાદુર એકમેકની પ્રશંસા કરે ત્યારે

81. Payal says she can't ........................ our invitation to dinner tonight.

(A) angel (B) across (C) accept (D) almost

82. ધોરણ-6 ના ગુજરાતીના એકમ 'લાયક ઉમેદવારના' લેખક કોણ છે ?

(A) અનંતરાય રાવળ (B) ઝવેરચંદ મેઘાણી (C) મનુભાઈ પંચોલી (D) રમણલાલ સોની

83. Select odd one from the following....

(A) Take (B) Catch (C) Hold (D) Ball

84. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો બાળકો માટે રાજ્ય કક્ષાએ વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કઈ સંસ્થા દ્વારા કરવામાં આવે છે ?

(A) સાયન્સી સીટી, અમદાવાદ (B) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

(C) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (D) મધ્યાન્હ ભોજન અને શાળાઓની કચેરી

85. જમીનમાં હવા રહેલી છે તે સાબિત કરવા માટે

(A) માટીના ઢેફાને પ્લાસ્ટિકની થેલીમાં હવા ચુસ્ત બંધ કરી તડકામાં મૂકો.

(B) માટીના ઢેફાને ચાળણીથી ચાળો.

(C) કાચના ગ્લાસમાં પાણી લઈ તેમાં માટીનું ઢેફું નાખો.

(D) માટીના ઢેફાને સુતરાઉ કપડા વડે ચાળો.

86. What is most important in English learning at initial stage ?

(A) accuracy (B) fluency (C) correct spellings (D) correct grammer

87. $r$ ત્રિજ્યાવાળા વર્તુળમાં સમાયેલા ચોરસની બાજુનું માપ કેટલું ?

(A) $2 \cdot r$ (B) $\sqrt{2} \cdot r$ (C) $\sqrt{2 \cdot r}$ (D) $2\sqrt{r}$

88. માધ્યમિક શિક્ષણની અભિવૃધ્ધિ માટે નીચેના પૈકી નીચેના પૈકી કઇ કેન્દ્રીય પુરસ્કૃત યોજના અમલમાં છે ?

(A) રાષ્ટ્રીય શિક્ષા અભિયાન

(B) રાષ્ટ્રીય માધ્યમિક અભિયાન

(C) રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન

(D) સેકન્ડરી એજ્યુકેશન એન્હાનસમેન્ટ સ્કીમ (એસ ઇ ઇ એસ)

89. ધોરણ-1 ગુજરાતીમાં કેટલા એકમ છે ? શિક્ષક આવૃત્તિમાં જણાવ્યાનુસાર બધા એકમની સમજ આપવા કેટલા સમયગાળાની જરૂર પડશે ?

(A) 10 એકમ, 12 અઠવાડિયા (B) 12 એકમ, 10 અઠવાડિયા

(C) 12 એકમ, 12 અઠવાડિયા (D) 15 એકમ, 12 અઠવાડિયા

90. The habitations in the revenue village are .................. therefore it is very difficult to find a right common place for constructing a school.

(A) many children (B) scattered (C) Few children (D) settled

91. My cello pen ...................... working in the essay competition.

(A) nice (B) nicely (C) ncie (D) necie

92. બે સમાંતર રેખાઓની છેદિકાથી બનતા ખૂણાઓ સંદર્ભે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) યુગ્મકોણોની પ્રત્યેક જોડના બંને ખૂણાઓનાં માપ સરખાં હોય છે

(B) અનુકોણની પ્રત્યેક જોડના બંને ખૂણાઓનાં માપ સરખાં હોય છે

(C) છેદિકાની એક જ બાજુના અંતઃકોણોની જોડના બંને ખૂણાઓનાં માપનો સરવાળો 180 અંશ થાય છે

(D) અહીં દર્શાવેલ ત્રણેય

93. ધોરણ-1 માં દાખલ થયેલાં બાળકોને પ્રથમ માસ દરમ્યાન કેવા અધ્યયન અનુભવ આપવા જોઇએ ?

(A) શાળા તત્પરતાની પ્રવૃત્તિઓ કરાવવી

(B) કક્કો અને બારાક્ષરી શીખવવી, 1 થી 5 લખતાં શીખવવું

(C) કક્કાના અક્ષરોનું લેખન શીખવવું, 1 થી 5 ગણતાં અને વાંચતાં શીખવવું

(D) ધોરણ-2 થી 5 નાં બાળકોની સાથે બેસાડવાં જેથી એ શાળાના વાતાવરણથી પરિચિત થાય

94. ગુજરાતની કઈ નદીઓ કુંવારીકા કહેવાય છે જે કચ્છના રણમાં સમાય છે.

(A) બનાસ, સરસ્વતી, રૂપેણ (B) બનાસ, સાબરમતી, સરસ્વતી

(C) બનાસ, સાબરમતી, નર્મદા (D) સરસ્વતી, સાબરમતી, નર્મદા

95. એક વિદ્યાર્થી વર્ગખંડના અન્ય વિદ્યાર્થીઓ સાથે મારામારી કરે છે એક શિક્ષક તરીકે તમે શું કરશો ?

(A) વિદ્યાર્થીને વર્ગમાંથી બહાર કાઢી મૂકશો. (B) વિદ્યાર્થીને સમજાવી શાંત રહેવા કહેશો.

(C) વિદ્યાર્થીને વિવિધ રચનાત્મક પ્રવૃત્તિમાં નેતાગીરી સોંપશો. (D) વાલી બોલાવીને શાળા બદલવા માટે સૂચવશો.

96. શુધ્ધ અપૂર્ણાંક એટલે શું ?

(A) ધન અપૂર્ણાંકને શુધ્ધ અપૂર્ણાંક કહે છે

(B) ઋણ અપૂર્ણાંકને શુધ્ધ અપૂર્ણાંક કહે છે

(C) જેનું મૂલ્ય 1 કરતાં ઓછું હોય તેને શુધ્ધ અપૂર્ણાંક કહે છે

(D) જેનું મૂલ્ય 1 કરતાં વધુ હોય તેને શુધ્ધ અપૂર્ણાંક કહે છે

97. એક વસ્તુ અમુક રૂપિયામાં વેચવાથી 15 ટકા ખોટ જાય છે, તો તેનાથી બમણી કિંમતે વેચવાથી ................ ટકા નફો થાય.

(A) 70 (B) 30 (C) 15 (D) 50

98. ગુજરાતના કયા ક્રાંતિવીર 'ડુંગળીચોર' તરીકે જાણીતા છે ?

(A) સૂરજમલ (B) જોધા માણેક (C) મોહનલાલ પંડ્યા (D) વિનોબાભાવે

99. અધ્યયનને અસર કરતાં પરિબળોમાં નીચેનામાંથી કયુ પરિબળ સુસંગત નથી.

(A) પ્રેરણા (B) પરિપકવતા (C) તત્પરતા (D) સમાયોજન

100. તામિલનાડુનું કયું શાસ્ત્રીય નૃત્ય જાણીતું છે ?

(A) કથ્થક (B) ભરત નાટ્યમ્ (C) કૂચીપૂડી (D) કથકલી

101. સર્વાંગી વિકાસને અસર કરતાં પરિબળો કયાં છે ?

(A) શારીરિક, માનસિક અને સાંવેગિક વિકાસ (B) વારસો, વાતાવરણ, અભિસંધાન અને બુધ્ધિ

(C) વારસો, વાતાવરણ, પરિપકવતા અને ઉત્પ્રેરણા (D) શારીરિક, માનસિક, સામાજિક અને સાંવેગિક વિકાસ

102. "માલમ"નો અર્થ ............... છે.

(A) મલમ (B) વહાણ હાંકનાર (C) બહારવટિયાનું નામ (D) માલ લઈ જનાર

103. પ્રાથમિક શાળામાં ભાષા શિક્ષણમાં નીચેનામાંથી કોની પ્રાથમિકતા સૌથી ઓછી છે ?

(A) વાચન (B) શ્રવણ-કથન (C) વ્યાકરણ (D) લેખન

104. શિક્ષકે નવી બાબત શીખવવા માટે સીધેસીધી વાત ન કરતાં વિદ્યાર્થીઓને આછી-પાતળી જાણકારી હોય તેની ચર્ચા કરી નવો મુદ્દો તેમની સામે મૂકવામાં આવે છે. આ બાબત કયા કૌશલ્ય સાથે જોડાયેલી છે ?

(A) પ્રશ્ન પ્રવાહિતા કૌશલ્ય (B) કા.પા. કૌશલ્ય

(C) સુદૃઢિકરણ કૌશલ્ય (D) વિષયાભિમુખ કૌશલ્ય

105. બુધ્ધિઆંક શોધવા માટે નીચેનામાંથી કઇ બાબત સાચી છે ?

(A) શારીરિક અને વાસ્તવિક ઉંમરનો ગુણોત્તર
(B) વાસ્તવિક અને શારીરિક ઉંમરનો ગુણોત્તર
(C) માનસિક અને વાસ્તવિક ઉંમરનો ગુણોત્તર
(D) વાસ્તવિક અને માનસિક ઉંમરનો ગુણોત્તર

106. અધોરેખિત– શબ્દનો અર્થ શું છે ?

(A) સુરેખ હોઠ દર્શાવવા માટે વપરાતો અલંકારિક શબ્દ
(B) કોઇ શબ્દસમૂહનો એકાદ અગત્યનો શબ્દ
(C) ધ્યાન આકર્ષિત કરવા જે શબ્દની ઉપર લીટી દોરી હોય તે શબ્દ
(D) ધ્યાન આકર્ષિત કરવા જેની નીચે લીટી દોરી હોય તે શબ્દ

107. પ્રાચીના કાવ્યસંગ્રહ આપનાર વાસુકિ ઉપનામવાળા ગાંધીયુગના કવિ કયા છે ?

(A) ત્રિભુવનદાસ લુહાર (B) ઝીણાભાઇ દેસાઇ (C) રાજેન્દ્ર શુકલ (D) ઉમાશંકર જોશી

108. નીચેના જોડકાં ગોઠવો. મેળા અને જિલ્લા

| | |
|---|---|
| (1) ભવનાથનો મેળો | (P) બનાસકાંઠા |
| (2) વૌઠાનો મેળો | (Q) પોરબંદર |
| (3) માધવરાયનો મેળો | (R) જૂનાગઢ |
| (4) ભાદરવી પૂનમનો મેળો | (S) અમદાવાદ |

(A) 1-P, 2-Q, 3-R, 4-S
(B) 1-R, 2-S, 3-Q, 4-P
(C) 1-R, 2-S, 3-P, 4-Q
(D) 1-Q, 2-R, 3-S, 4-P

109. એક લંબચોરસની પહોળાઈ તેની લંબાઈનો $\frac{3}{4}$ ભાગ છે. લંબચોરસનું ક્ષેત્રફળ 192 ચો.મી. છે. તો તેની પરિમિતિ ................ છે.

(A) 16 મીટર (B) 12 મીટર (C) 56 મીટર (D) 74 મીટર

110. "Learning: The Treasure within- education for 21st Century" અહેવાલમાં દર્શાવેલા શિક્ષણના ચાર સ્તંભો પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) Learning to know
(B) Learning to live together
(C) Learning to be
(D) Learning to grow

111. સંખ્યા 1 માટે કયું વિધાન સાચું નથી ?

(A) વિશિષ્ટ સંખ્યા છે.
(B) ગુણાકાર માટે તટસ્થ છે.
(C) અવિભાજ્ય સંખ્યા છે.
(D) સૌથી નાની પ્રાકૃતિક સંખ્યા છે.

112. પ્રાથમિક શાળાઓનો અભ્યાસક્રમ કોણ નક્કી કરે છે ?

(A) પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
(B) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
(C) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
(D) ગુજરાત રાજ્ય અભ્યાસક્રમ આયોગ

113. Mala and her friends ...................... on a picnic today.

(A) went (B) has gone (C) had gone (D) have gone

114. સપ્તર્ષિ તારા જુથના તારાઓમાં કોનો સમાવેશ થતો નથી.

(A) મરિચી (B) વશિષ્ઠ (C) અત્રિ (D) દધિચી

115. ડૉ. તેસ્સી થોમસને તેમનો વ્યવસાયિક સિધ્ધિને ધ્યાને લઈ નીચેનામાંથી કયા ગ્રુપમાં મૂકી શકાય

(A) ડૉ.એ.પી. અબ્દુલકલામ, ડૉ.મનમોહન સિંહ, પ્રતિભા પાટીલ

(B) પી.ટી. ઉષા, લજ્જા ગૌસ્વામી, સચિન તેન્ડુલકર

(C) ડૉ. એ.પી. અબ્દુલકલામ, ડૉ. હોમીભાભા, ડૉ. વિક્રમ સારાભાઈ

(D) સોનિયા ગાંધી, મમતા બેનરજી, સુષ્મા સ્વરાજ

116. નીચેના પૈકી સાચું વિધાન કયું તે પસંદ કરો.

(A) નોર્વેમાં મે માસના મધ્યથી જુલાઈના અંત સુધી સૂર્ય આથમતો નથી

(B) નોર્વેમાં જુલાઇ માસના અંતથી ડિસેમ્બર મધ્ય સુધી સૂર્ય આથમતો નથી

(C) નોર્વેમાં ડિસેમ્બરના મધ્યથી મે માસના અંત સુધી સૂર્ય આથમતો નથી

(D) બાકીનાં ત્રણેય વિધાન ખોટાં છે.

117. Manoj .............................. a song in the party.

(A) sing (B) sings (C) sang (D) sung

118. કેલ્ક્યુલેટર દ્વારા ગણતરી કરતી વખતે અગાઉની વિગત (મેમરી) જોવા માટે કયું બટન દબાવશો ?

(A) M+ (B) M- (C) MR (D) MS

119. ભારત સરકારે રાષ્ટ્રિય પંચાંગ ક્યારથી દાખલ કર્યું ?

(A) 22-3-1961 (B) 22-9-1957 (C) 22-3-1957 (D) 22-8-1961

120. .................... ના પૂરકકોણનો કોટીકોણ 30° છે.

(A) 120 (B) 60 (C) 150 (D) 90

121. સંમેય સંખ્યાઓ માટે નીચેના પૈકી કયું સૌથી વધુ સાચું છે ?

(A) સંમેય સંખ્યાઓમાં શૂન્ય, ધન પૂર્ણાંક અને ઋણ પૂર્ણાંકનો સમાવેશ થાય છે

(B) સંમેય સંખ્યાઓમાં ધન અપૂર્ણાંક અને ઋણ અપૂર્ણાંકનો સમાવેશ થાય છે

(C) સંમેય સંખ્યાઓમાં શૂન્ય, ધન પૂર્ણાંક અને ધન અપૂર્ણાંકનો સમાવેશ થાય છે

(D) સંમેય સંખ્યાઓમાં શૂન્ય, ધન પૂર્ણાંક, ધનઅપૂર્ણાંક, ઋણ પૂર્ણાંક અનેઋણ અપૂર્ણાંકનો સમાવેશ થાય છે

122. સમિતિ માટે સાચો શબ્દ કયો છે ?

(A) Committe (B) Committee (C) Commitee (D) Comitee

123. ક્ષમતાકેન્દ્રી શિક્ષણ સાથે નીચેના પૈકી કઇ બાબત સૌથી વધુ લાગુ પડે છે ?

(A) શિક્ષણના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ (B) અધ્યયન ક્ષેત્રો મુજબ સામાન્ય હેતુઓ

(C) સામાન્ય હેતુઓ ઉપરાંત ક્ષમતાઓ (D) અધ્યયન ક્ષેત્રો મુજબ ક્ષમતાઓ

124. માણસાઈના દીવા પુસ્તકના લેખક કોણ છે ?

(A) રવિશંકર મહારાજ (B) ઝવેરચંદ મેઘાણી (C) ઈશ્વર પેટલીકર (D) પન્નાલાલ પટેલ

125. એક વ્યક્તિ પાસે રૂ. 1 રૂ. 5 તથા રૂ. 10 ની નોટ સરખા પ્રમાણમાં છે. આ બધી નોટોની કુલ કિંમત રૂ. 192 થાય, તો તે વ્યક્તિની પાસે કુલ કેટલી નોટ હશે ?

(A) 12 (B) 18 (C) 24 (D) 36

126. ધોરણ 4 માં ભણતી રેશ્માને ભાગાકારની સંકલ્પના સમજાતી નથી. શિક્ષક તરીકે તમે શું કરશો ?

(A) ભાગાકારના વધુ દાખલા ગણાવીને મહાવરો કરાવીશ (B) ભાગાકાર પહેલાં ગુણકાર બરાબર શીખવીશ

(C) ભાગાકાર એ ગુણાકારનું વિરોધી છે એ સમજાવીશ (D) ભાગાકાર એ પુનરાવર્તી બાદબાકી છે તે સમજાવીશ

127. સમય 2:10 થી 2:50 થતાં કલાક કાંટાએ કેટલું ભ્રમણ કર્યું હશે ?

(A) 20° (B) 18° (C) 15° (D) 10°

128. સિધ્ધરાજ જયસિંહનો જન્મ ક્યાં થયો હતો ?

(A) જૂનાગઢ (B) પાટણ (C) પાલનપુર (D) અમદાવાદ

129. I am ........................ tired to go in the party.

(A) to (B) tow (C) two (D) too

130. Raju is writing a letter. Make it passive voice...

(A) A Letter is being written by Raju
(B) A letter is written by Raju
(C) A letter is writing by Raju
(D) A letter is being writing by Raju

131. રાજ્યની વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશની નિમણૂંક માટે કોની સાથે વિચારણા કરવામાં આવે છે ?

(A) રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને સર્વોચ્ચ આદાલતના મુખ્ય ન્યાયાધીશ

(B) રાષ્ટ્રપતિ અને સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ

(C) રાષ્ટ્રપતિ, રાજ્યપાલ અને સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ

(D) રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, મુખ્યમંત્રી તમામ

132. કયું માપ સાચું નથી.

(A) 1 મીટર = 1000 મિલી મીટર
(B) 1 મીટર = 10 ડેસી મીટર
(C) 1 કીલોમીટર = 10 હેક્ટોમીટર
(D) 1 મીલીમીટર = 10 સેન્ટીમીટર

133. શાળામાં કાયમી દફતર તરીકે કયા પત્રકનો સમાવેશ થાય છે ?

(A) પગારપત્રક
(B) વયપત્રક
(C) વિઝીટ બુક
(D) સમયપત્રક

134. ઊઠાં ભણાવવાં એટલે શું ?

(A) ખોટું બોલી ઠગાઇ કરવી
(B) વિરોધી બાબતોની તરફેણ કરવી
(C) છેલ્લેથી વાતની શરૂઆત કરવી
(D) શાળા છોડી દેવી

135. 3 + 3 x 3 – 3 = ...................

(A) 9 (B) 0 (C) 15 (D) 6

136. $\frac{7}{11} \times \frac{7}{5} \div \frac{7}{10} + \frac{3}{22}$ સાદુરૂપ શું થશે ?

(A) $1\frac{9}{22}$ (B) $1\frac{22}{9}$ (C) $9\frac{1}{22}$ (D) $22\frac{1}{9}$

137. પ્રયત્ન અને ભુલ દ્વારા અધ્યયનના પ્રણેતા મનોવૈજ્ઞાનિક કોણ હતા ?

(A) ઈ. એલ. થોર્નડાઈક (B) સી.વી. થોર્નડાઈક (C) બી.સી. થોર્નડાઈક (D) પાવલોવ

138. Cow is our .......................... animal.

(A) domestic (B) demestic (C) domastic (D) domise

139. એકજ શબ્દની નીચેના પૈકી કયા શબ્દની જોડણી સાચી છે ?

(A) મ્યુન્સીપાલિટી (B) મ્યુનિસીપાલિટી (C) મ્યુનિસિપાલિટી (D) મ્યુનીસીપાલિટી

140. "ટક્કર પટ્ટી" કઈ રમતમાં વપરાતો શબ્દ છે ?

(A) ખો.ખો. (B) વોલીબોલ (C) કબડ્ડી (D) હેન્ડબોલ

141. She writes on the blackboard. – Convert the sentence in past perfect tense

(A) She written on the blackboard
(B) She has written on the blackboard
(C) She had wrote on the blackboard
(D) She had written on the blackboard

142. કનૈયાલાલ મુનશીનું ઉપનામ શું હતું ?

(A) વાસુકી
(B) ઘનશ્યામ
(C) અસ્મિતા
(D) ગૌરવ

143. 'જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની' કાવ્યપંક્તિના રાગ પ્રમાણે આ પંક્તિ સાથે નીચેના પૈકી કઇ પંક્તિ મૂકશો ?

(A) તે પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો
(B) અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઇ જા
(C) 'ખાલી શીશી ટીનનું ડબલું બાલદી ફૂખ કાણી
(D) નરદેવ ભીમકની સુતા દમયંતી નામે સુંદરી

144. 'સંયુક્ત રાષ્ટ્ર' સંદર્ભે 'વીટો પાવર' સાથે નીચેના પૈકી કયું વિધાન સૌથી યોગ્ય છે ?

(A) સત્તા ધરાવતાં પાંચ સભ્ય રાષ્ટ્રો પૈકી ત્રણનો મત વિરોધી હોય તો નિર્ણય ન લઇ શકાય
(B) સત્તા ધરાવતાં સાત સભ્ય રાષ્ટ્રો પૈકી ચારનો મત વિરોધી હોય તો નિર્ણય ન લઇ શકાય
(C) સત્તા ધરાવતાં સાત સભ્ય રાષ્ટ્રો પૈકી કોઇ પણ એકનો મત વિરોધી હોય તો નિર્ણય ન લઇ શકાય
(D) સત્તા ધરાવતાં પાંચ સભ્ય રાષ્ટ્રો પૈકી કોઇ પણ એકનો મત વિરોધી હોય તો નિર્ણય ન લઇ શકાય

145. ગાંધીજીના અધ્યક્ષપણા હેઠળ બુનિયાદી શિક્ષણનાં બીજ ક્યારે અને ક્યાં રોપાયાં ?

(A) 1920 માં અમદાવાદમાં
(B) 1937 માં વર્ધામાં
(C) 1920 માં વર્ધામાં
(D) 1937 માં અમદાવાદમાં

146. બે સંખ્યાનો ગુ.સા.અ. 5 તથા લ.સા.અ. 60 હોય તો તે સંખ્યા પૈકી કઈ એક પણ ન હોઈ શકે ?

(A) 15
(B) 10
(C) 20
(D) 5

147. All the students in the class help ........

(A) each other
(B) one another
(C) each another
(D) one other

148. 20 માણસો એક રસ્તાનું સમારકામ 6 દિવસમાં કરી શકે છે તો 30 માણસો તે રસ્તાનું સમારકામ કેટલા દિવસમાં કરી શકશે ?

(A) 5 દિવસ
(B) 2 દિવસ
(C) 3 દિવસ
(D) 4 દિવસ

149. ધોરણ 2 માં ભણતી ફાતિમા વર્ગમાં પણ પોતાના ઘરે બોલાતી ભાષા (સ્થાનિક બોલી) વાપરે છે. શિક્ષક તરીકે તમે શું કરશો ?

(A) ફાતિમાના વાલીનો સંપર્ક કરી, ઘરે પણ માન્ય ભાષાનો ઉપયોગ કરવા સમજાવીશ કારણ કે દરેકે માન્ય ભાષામાં જ બોલવું જોઇએ
(B) ફાતિમા માન્ય ભાષા વાપરે તેવો આગ્રહ રાખીશ કારણ કે શાળામાં તો માત્ર માન્ય ભાષા જ બોલાય
(C) ફાતિમાને માન્ય ભાષાના ઉચ્ચારણ માટેના પાઠ ભણાવીશ કારણ કે પાઠ્યપુસ્તકની ભાષા જ સાચી ભાષા છે
(D) ફાતિમાને એના ઘરની ભાષા બોલવા દઇશ કારણ કે શરૂઆતનાં ધોરણોમાં ઘરની ભાષા બોલવા દેવી જોઇએ

150. ધોરણ -1 માં મૂળાક્ષર કયા ક્રમમાં શીખવવામાં આવે છે ?

(A) ગ,મ,ન,જ; વ,ર,સ,દ; પ,ડ,ત,ણ; ક,બ,અ,છ
(B) ગ,મ,ન,જ; લ,ટ,ચ,ખ; વ,ર,સ,દ; પ,ડ,ત,ણ
(C) ક,ખ,ગ,ઘ; ચ,છ,જ,ઝ; ટ,ઠ,ડ,ઢ; ણ,ત,થ,દ
(D) ગ,મ,ન,જ; વ,ર,સ,દ; ક,બ,અ,છ; પ,ડ,ત,ણ